# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૮ અંક : ૨૦૬

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

જગતભરમાં અશાન્તી અને ધાર્યા કરતા વધારે વિકૃતીઓ સર્જાય છે. ધાર્મીક તહેવારો જૈન પર્યુષણ પર્વની આરાધના ઉજવણી ખુબજ સારી રીતે થઈ. હવે તપાગચ્છ તથા બીજા ગચ્છોની આરાધના શરૂ થશે તેમાં સૌ સાથે મળી ભાગ લઈશું. સાથે ગણેશજી ના ઉત્સવની તૈયારી ચાલુ છે. વરસાદની રાહ જોયા પછી હાલ ઘણી જગ્યાએ મેઘરાજાની મહેર વરસી છે. આગળ સપ્ટેમ્બર માસમાં ભરપુર વરસાદ દેશ ભરમાં પડવાની આગાહી છે.

દેશનું રાજકારણ ચગડોળે ચડેલ છે. મધ્યમ વર્ગની પરિસ્થિતિ કફોડી છે. જીવનમાં વ્યક્તીગત પરિવર્તન નહીં આવે ત્યાં સુધી દેશમાં પ્રગતિ મુશકેલ છે.

આપણી જન્મભુમી કચ્છમાં વરસાદ બીલકુલ નથી. પશુધન વિખેરાય છે. તેના માટે સૌ સાથે મળી તન, મન, ધનથી રક્ષા કરવાની સૌની ફરજ છે.

હજી વરસાદ પડે તો ઘાસ ચારો પિવાના પાણી માટે ઘણી રાહત મલશે. **"GOD IS GREAT".**

## ❖ આ માસની ડાયરી ❖

| | |
|---|---|
| ૧૬-૯-૨૦૧૨, સવારે ૯.૦૦ કલાકે | માવજત સમિતિ સેમીનાર, કચ્છી ભવન |
| ૨-૧૦-૨૦૧૨, સવારે ૯.૦૦ કલાકે | શાંતિ પ્રાયમરી સ્કુલ સ્પોર્ટસ ડે, કચ્છી ભવન |

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**

**SAVE ANIMALS**
**SAVE NATION**
**ઝાડ વાવો, હરિયાલી લાવો**



# મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

ઓગસ્ટ માસ પૂર્ણ થયો. મંગલમય પર્યૂષણ પર્વો ખૂબજ રૂડી રીતે ઉજવાયા. ધાર્મીક ભાવનાઓ સાથે આ વર્ષે તપ-જપ માં પણ અભૂતપૂર્વ વધારા થયા. લગભગ ૭૦ જેટલા તપસ્વીઓએ ભાગ લીધો. આ વર્ષે તપસ્વીઓનાં પરિવારો તરફથી સમુહ સાંજી યોજવામાં આવી.

આ વર્ષે પણ શાંતિ પ્રાયમરી સ્કૂલનાં વિદ્યારાર્થીઓએ કચ્છી ભવનમાં ઝંડા-વંદનનો કાર્યક્રમ યોજ્યો. જેમાં શ્રી બાલાજી રતનલાલ તેમજ શ્રી મણિકાંતભાઈ મોમાયા તરફથી સર્વને નાસ્તો આપવામાં આવેલ. તેમનો ખૂબ-ખૂબ આભાર.

ભવનમાં રીપેરીંગ તથા જરૂરીયાતનાં કાર્યો શ્રી પ્રેમચંદભાઈ છેડાની દેખરેખ હેઠળ લગભગ પૂર્ણ થયા છે. તેમનો ખૂબ-ખૂબ આભાર.

વસ્તીપત્રક વહેંચણીનું કાર્ય લગભગ પૂર્ણ થયું છે. વધારાનાં અંકો કાર્યાલયમાં ઉપલબ્ધ છે.

ગુજરાતી ભાષાનાં વર્ગો માટે બાળકોને મોકલવા વાલીઓને ફરી એકવાર વિનંતી.

શિક્ષણ સમિતિ તરફથી સુવર્ણ તથા રજક પદકો દ્વારા વિદ્યાર્થીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ તા. ૭-૧૦-૨૦૧૨ ના રાખવામાં આવેલ છે. વિસ્તૃત જાણકારી સંચાલકશ્રીના અહેવાલથી જાણશો.

શરદ પૂર્ણિમાનો કાર્યક્રમ યોજવાની વિચારણા ચાલી રહી છે. ઓક્ટોબર તા. ૫,૬ અને ૭, ૨૦૧૨ નાં મહાબળેશ્વર ડ્રીમલેન્ડ મુકામે, યુવક-યુવતીઓ માટે સગપણ સમ્મેલનનો કાર્યક્રમ શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન એકમ તરફથી યોજવામાં આવેલ છે. તા. ૧૫-૯-૨૦૧૨ સુધી અરજી પત્રકો કોલ્હાપુર મોકલવાનાં હોવાથી, આ વિશેની જાણકારી એસ.એમ.એસ. દ્વારા મોકલવામાં આવી છે. વિસ્તૃત જાણકારી કાર્યાલયથી જાણી શકાશે.

મંડળનાં માજી-પ્રમુખ શ્રી ધીરજભાઈ કાપડીયાએ લગ્નની સુવર્ણ જયંતિ નિમીત્તે એક હજાર ડાયાલીસીસ માટે દાન જાહેર કરેલ છે. તેમને લગ્ન જીવનની ખૂબ ખૂબ વધાઈ અને દાન માટે અભિનંદન.

શ્રી કિરણભાઈ સોમચંદ લોડાયા એ તેમના દિકરાના લગ્ન પ્રસંગે મંડળને રૂ. ૧૧,૦૦૦/- ભેટ આપેલ છે. તેમનો આભાર.

સર્વ સભ્યોને વિનંતિ કે ચશ્માની જુની, ફ્રેમો, કે જેનો ઉપયોગ જરૂરતમંદ વ્યક્તિઓ માટે ફરીથી થઈ શકે છે, તે મંડળના કાર્યાલયમાં આપી શકે છે. મંડળનાં દવાખાનામાં ફ્રેમો રાખવા માટેનાં બોક્સની વ્યવસ્થા કરવામાં આવી છે.

માદરે વતન કચ્છમાં દુઃકાળની પરિસ્થિતિ જાહેર થઈ ગઈ છે. માલધારીઓની તેમના પશુધન સાથે ગુજરાત તરફ હિજરત શરૂ થઈ ગઈ છે. કચ્છનાં જે જે ગામોમાં મહાજનો દ્વારા ચાલતી પાંજરાપોળો છે, તેઓને પણ પોતાનાં પશુધન માટે ચારો બહારથી મંગાવવો પડે છે, જેનો ખર્ચ ઘણોજ મોટો થાય છે. સર્વ સભ્યોને યથા શક્તિ સહાય કરવા વિનંતિ.

***સફળ ક્રાંતિકારી, રાજનીતીજ્ઞ હોય છે, અસફળ અપરાધી હોય છે.*** ***-એરિક ફ્રામ***

**Donate Eyes - Live Twice**



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

જેમનો સાથ સહકાર અમને સતત મળી રહેલ છે એવા આપ સૌ મેમ્બરોને "પ્રકાશન સમિતિના" મિચ્છામિદુક્કડમ. કોઈને પણ અમારા વ્યવહારથી જાણતા અજાણતા પણ દુ:ખ પહોંચ્યુ હોય તો તે બદલ સૌને અમે અંત: કરણથી ખમાવીએ છીએ. તથા સર્વે તપસ્વીઓને અમારા ભાવ પૂર્વક વંદન.

"ક્ષમા એ મોક્ષનો દરવાજો છે". તેથીજ મન વચન કાયાથી ક્ષમા માંગીએ છીએ અને અંત: કરણ પૂર્વક સૌને ક્ષમા આપીએ છીએ.

ક્ષમા જેટલુંજ મહત્વ સંયમનું પણ છે. જીવન સફરમાં બધાને બધું ગમતું મળતું કે થતું હોતુ નથી. તેથીજ મન અને વચનપર આવા સમયે સંયમ રાખવો પણ એટલુજ જરૂરી છે.

આ વર્ષે મેઘરાજાની મેહર હજી સુધી પુરતા પ્રમાણમાં થઈ નથી, તો પાણીને પણ મુલ્યવાન વસ્તુ સમજી જરા પણ વેડફશો નહીં. મેઘરાજા જલદી પધારે એવું આપણે બધા મળી પ્રાર્થીએ.

## માવજત સમિતિ

**સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**

### અનુભવી ડોક્ટરના માર્ગદર્શન હેઠળ કબ્જીયાત, ડાયાબીટીસ તથા હૃદય ને લગતી બાબતો ઉપર જાણકારીનો સેમીનાર

અનુભવી ડૉક્ટરોના માર્ગદર્શન હેઠળ કબ્જીયાત, ડાયાબીટીસ તથા હૃદયને લગતી બાબતો ઉપર જાણકારીનો સેમિનાર તા. ૧૬-૯-૨૦૧૨ રવિવાર સવારના ૯.૦૦ વાગ્યાથી કચ્છી ભવનમાં છે. આનો લાભ સમાજના સભ્યો તથા અન્યો પણ લઈ શકે છે. "Open to All".

ત્રણે દવાખાના રાબેતા મુજબ ચાલે છે.

ખાસમાં જણાવવાનું કે હાલ ચિલ્લર ની તકલીફ હોવાથી હવેથી એલોપેથીક દવા ઓછામાં ઓછા બે દિવસની રૂ. ૧૦/- માં તથા વધારેમાં વધારે ચાર દિવસની રૂ. ૨૦/- તથા બી.પી. ચેકીંગના રૂ. ૫/- છુટ્ટા આપવા જરૂરી છે.



## શાંતિવન સમિતિ

**સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા**
**સહ સંચાલક : દામજી માવજી સાવલા**

સહર્ષ જણાવવાનું કે રવિવાર તા. ૩૦-૯-૨૦૧૨ ના સાંજના ઠીક ૪.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી ભવનમાં કચ્છી ગીતો ગાવા નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

ભાગલેવા ઈચ્છનાર કલાકારોને વિનંતી કે પોતાના નામો સંચાલક પાસે લખાવે. ગીતનો વિષય કોઈપણ રાખી શકો છો, પરંતુ બોલ પહેલેથી લખાવી દેવાના રહેશે.

ગીતોને ઢોલ તથા ઓર્ગન નો સાથ આપવાનો પ્રયત્ન થશે. યુવા કલાકારો પણ પોતાના નામ લખાવે એવી અપેક્ષા. આપ સર્વેને સમયસર પધારી કાર્યક્રમનો આનંદ માણવા ખાસ આગ્રહભરી વિનંતી છે.

નોંધ : કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

# પર્યુષણ મહાપર્વ સમિતિ

સંચાલક : મણીકાંત મેઘજી મોમાયા

પર્યુષણ પર્વ બહુજ રૂડી રીતે ઉજવાયાં. આ વર્ષે શ્રી સંઘમાં અભૂતપૂર્વ તપસ્યાઓ થઈ. ૩ માસ ક્ષમણ, ૮ સોળ ઉપવાસ વાળા તથા ૫૦ અઠ્ઠાઈ તપના સર્વે તપસ્વીઓનું ક્ષમાપના દિને બહુમાન કરવામાં આવ્યું. પાંચમના સાંજના મોટા પ્રતિક્રમણમાં શ્રીફળની પ્રભાવના માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર તરફથી હતી, લાડુની પ્રભાવના શ્રી બાલાજી રતનલાલ મીઠાઈવાળા તરફથી હતી અને રૂમાલ ની પ્રભાવના માતુશ્રી કેસરબેન હરખચંદગડા (સાભરાઈ) તરફથી હતી. ક્ષમાપના સમ્મેલનનું સ્વામિવાત્સલ્ય નિચે જણાવેલ પરિવારજનો તરફથી હતુ. સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર. સ્વામીવાત્સલ્યનો પ્રસાદ ઉપસ્થિત સૌએ લાભ લીધેલ.

૧) શ્રીમતિ કસ્તુરબેન ધનજી સાવલા
૨) માતુશ્રી અમૃતબેન ટોકરશી લાલજી કાપડિયા પરિવાર
૩) શ્રીમતિ યશવંતીબેન અમૃતલાલ નીસર
૪) શ્રી દામજી જીવરાજ નાગડા
૫) માતુશ્રી પુરબાઈ વિસનજી હરિયા
૬) માતુશ્રી રતનબેન કેશવજી છેડા પરિવાર
૭) માતુશ્રી ઝવેરબેન લાલજી પરબત મોતા
૮) શ્રીમતિ લીલાવંતીબેન અમૃતલાલ ભેદા
૯) શ્રી સુભાષભાઈ કસ્તુરચંદ ખંડોર
૧૦) શ્રી પ્રવીણભાઈ મેઘજી કારાણી
૧૧) શ્રી હસમુખભાઈ અને તનસુખભાઈ દેઢિયા (નીલગીરી સ્ટોર)
૧૨) માતુશ્રી પ્રભાબેન મણીલાલ સંઘોઈ
૧૩) માતુશ્રી વેજબાઈ શીવજી કારાણી
૧૪) શ્રીમતિ લતાબેન મણીકાંત મોમાયા

આ પ્રસંગે પ.પૂ. સાધ્વીશ્રી સમયગુણાશ્રી જી તથા પ.પૂ. સાધ્વીશ્રી શ્રૃતગુણાજી મ.સા. પ્રાસંગિક વ્યાખ્યાન તથા માંગલીક સંભળાવેલ.

અંતે બારમાસો કહ્યાબાદ સૌએ એક બીજાને મિચ્છામિ દુક્કડમ કહી અંતકરણ પૂર્વક ખમાવેલ.

**જન્માક્ષર ઉંડાણપૂર્વક અધ્યન કરી વર-કન્યા મેળાપક**
**કોમ્પ્યુટર જન્માક્ષર - ગુજરાતી તેમજ ૧૦ ભાષામાં બનાવી આપવામા આવશે...**
ઘર-દુકાન-ફેક્ટરી વાસ્તુ માર્ગદર્શન માટે મળો : જ્યોતિષાચાર્ય પં. ભરત ભટ્ટ (કચ્છી બ્રાહ્મણ)
૪-૩-૨૦૦, સાઈબાબા મંદિર પાછળ, કે.એસ.લેન, સુલતાન બાજાર, હૈદરાબાદ
ફોન. ૦૪૦-૨૪૭૬૦૯૪૯ (મો) ૯૪૪૦૪ ૯૮૩૦૮ email: bbastrobhatt@hotmail.com
(શુ.મ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

**આશ્રમ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૫૦૦/- | શોર્ય હેમાંગ મોમાયા જન્મદિવસ નિમિત્તે |
| રૂ. | ૫૦૦/- | રાજવીર ગૌરવ મોમાયા જન્મ દિવસ નિમિત્તે |
| રૂ. | ૫૦૦/- | યોગીતા દીપક જાદવજી નાગડા |
| રૂ. | ૫૦૦/- | કીર્તના રમેશ વીરજી દેઢીયા |
| રૂ. | ૫૦૦/- | ધરોડ ભક્તી મંડળ |
| રૂ. | ૫૦૦/- | જયેશ કારાણી |
| રૂ. | ૨૫૦/- | કુણાલ પંકજ વેલજી નંદુ જન્મ દિવસ નિમિત્તે |
| રૂ. | ૨૦૦/- | પ્રિશા - પાર્થ ચીરાગ માલદે |
| રૂ. | ૨૦૦/- | તરંગ હીતેન નાગડા |
| રૂ. | ૧૫૦/- | તૃપ્તી કિરણ સંગોઈ |
| રૂ. | ૧૦૧/- | શ્રી કિશોર ખીમજી ગાલા |
| રૂ. | ૧૦૧/- | શ્રી મુરજી માવજી ગાલા |
| રૂ. | ૧૦૧/- | શ્રી વિજય મારૂ |
| રૂ. | ૪૫૦/- | ચી. યાના હેમલ ગાલા જન્મ દિવસ નિમિત્તે હ. મનહર ચુનીલાલ ગાલા |
| રૂ. | ૨૫૦/- | સ્વ. ચુનીલાલ જગશી ગાલા જન્મદિન નિમિત્તે હઃ લક્ષ્મીબેન ચુનિલાલ ગાલા તરફથી |
| રૂ. | ૨૫૦/- | સ્વ. જવેરબેન ખીમજી ગાડા ના સ્મર્ણાર્થે હ. મણીલાલ રામજી ધરોડ - મોટીબેનના અવસાન નિમીત્તે |
| રૂ. | ૫૦૦/- | શ્રીમતી હીના હીતેન સંગોઈ |

**ગોગ્રાશ એક ઓટો (૧૦૦ કટ્ટા) ઘાસના ૮૦૦ રૂા.**

| | |
|---|---|
| ૧ ઓટો | ચી. યાના હેમલ ગાલા હઃ મનહર ચુનિલાલ ગાલા જન્મ નિમિત્તે |
| ૧ ઓટો | હીના હીતેન સંગોઈ |

**ગૌશાળા**

| | | |
|---|---|---|
| રૂ. | ૧૦૦૦/- | સ્વ. શાન્તાબેન શાન્તીલાલ ગાલા પુણ્યતિથી નિમિત્તે |
| રૂ. | ૧૦૦૦/- | ચંદન ભાવીન શાહ (મુંબઈ) |
| રૂ. | ૧૦૦૦/- | ડીમ્પલ રૂષભ વિસરીયા |
| રૂ. | ૫૦૦/- | યોગીતા દીપક જાદવજી નાગડા |
| રૂ. | ૫૦૦/- | ચી. કાર્તિક હરીશ ગાલા |
| રૂ. | ૫૦૦/- | ધરોડ ભાવીક મંડળ |
| રૂ. | ૫૦૦ /- | એક સદગ્રહસ્થ |

રૂ. ૫૦૦/- શ્રી હર્ષદ કુવરજી ધરોડ
રૂ. ૨૫૧/- એક સદ્‌ગ્રહસ્થ
રૂ. ૨૫૧/- શ્રી નિતીન ડુંગરશી ગડા
રૂ. ૫૦૦/- સ્વ. ચુનીલાલ જગશી ગાલાના જન્મદિન નિમીત્તે હઃ લક્ષ્મીબેન ચુનિલાલ ગાલા તરફથી
રૂ. ૫૦૧/- સ્વ. ખડાશંકર ગોવિંદજી જોષી
રૂ. ૨૫૦/- કુણાલ પંકજ વેલજી નંદુ જન્મ દિવસ નિમિત્તે
રૂ. ૨૦૧/- ધરમશી રતનશી ધાગા
રૂ. ૨૦૦/- સ્વ. ગંગાબેન આશારીયા માલદે
રૂ. ૨૦૦/- નરંગ હિતેન નાગડા ૧૬ ઉપવાસ નિમિત્તે
રૂ. ૨૦૦/- શ્રી જયેશ શિવજી કારાણી
રૂ. ૧૧૧/- નલીન મનોજ ગાલા
રૂ. ૧૦૦/- ગીરીશ ગાલા
રૂ. ૧૦૦/- વિજય મારૂ
રૂ. ૫૧/- કિશોર ખીમજી ગાલા

**ડાયાલીસીસ માટે (૧ ડાયાલિસીસના રૂ. ૫૦૦/-)**

એક સંપૂર્ણ દિવસ ના ૨૧,૦૦૦રૂ. હંસરાજ કાનજી નાગડા હ. મહેન્દ્ર અને મનોજ હંસરાજ નાગડા
૬ ડાયલાસીસ શ્રી પંકજ ચીમનલાલ રાંભીયા
૨ ડાયલાસીસ રાજ એગ્રો પ્રોડેક્સ લિમિટેડ
૨ ડાયલાસીસ સ્વ. ચુનિલાલ સંગોઈ પુણ્યતિથી નિમિત્તે હઃ ભાનુબેન ચુનિલાલ સંગોઈ તરફથી
૨ ડાયલાસીસ લિલાવંતીબેન રતિલાલ સંગોઈ
૨ ડાયલાસીસ શ્રી કિરણ વીરજી દેઢીયા
૨ ડાયલાસીસ શ્રી જીતેન વીરજી દેઢીયા
૨ ડાયલાસીસ શ્રીમતિ હીના હીતેન સંગોઈ
૧ ડાયલાસીસ શ્રીમતિ વર્ષા કિરણ સંગોઈ
૧ ડાયલાસીસ આયુષી કેતન કારાણી જન્મ દિવસ નિમિત્તે
૧ ડાયલાસીસ કુણાલ પંકજ વેલજી નંદુ જન્મ દિવસ નિમિત્તે
૧ ડાયલાસીસ શ્રી વિસનજી ખેરાજ ગાલા
૧ ડાયલાસીસ શ્રી પરેશ વિસનજી ગાલા
૧ ડાયલાસીસ કીર્તના રમેશ વિરજી ગાલા
૧ ડાયલાસીસ ધરમશી રતનશી ધાગા
૧ ડાયલાસીસ એક સદગ્રહસ્થ
૧ ડાયલાસીસ શ્રી શાન્તીલાલ હીરજી ગાલા
૧ ડાયલાસીસ રોશની તેજસ ગાલા

૧ ડાયલાસીસ એક સદગ્રહસ્થ
૧ ડાયલાસીસ સ્વ. ગંગાબેન આશારીયા માલદે
૧ ડાયલાસીસ તરંગ હીતેન નાગડા ૧૬ ઉપવાસ નિમિત્તે
૧ ડાયલાસીસ જયેશ હરખચંદ ગડા
૧ ડાયલાસીસ અમર હુસેન C/o. મે. રાજ એગ્રો પ્રોડક્ટ્સ લિ.

**હોસ્પીટલ માટે દાન**

રૂ. ૫૦૦/- સ્વ. ચુનિલાલ જગશી ગાલાના જન્મદિન નિમિત્તે હઃ લક્ષ્મીબેન ચુનિલાલ ગાલા તરફથી
રૂ. ૫૦૦/- ચી. યાના હેમલ ગાલાના જન્મદિવસ નિમીત્તે હઃ શ્રી મનહર ચુનિલાલ ગાલા તરફથી

**જાનવરોની વયાવચ્છ**

રૂ. ૫૦૦/- શૌર્ય હેમાંગ મોમાયા
રૂ. ૫૦૦/- ધરોડ ભાવીક મંડળ
રૂ. ૫૦૦/- શ્રીપાલ રતનશી દેઢીયા
રૂ. ૫૦૦/- ચી. યાના હેમલ જન્મદિવસ નિમિત્તે હ. મનહર ચુનિલાલ ગાલા
રૂ. ૫૦૦/- શ્રીમતિ હીના હીતેન સંગોઈ
રૂ. ૨૦૦/- તરંગ હીતેન નાગડા ૧૬ ઉપવાસ નિમિત્તે
રૂ. ૨૦૦/- શ્રી જયેશ હીરજી કારાણી
રૂ. ૨૦૧/- નીશા હરીશ ગાલા
રૂ. ૨૦૦/- પ્રફુલ્લાબેન શાહ
રૂ. ૧૦૦/- ઋષભ નયન વીરા
રૂ. ૧૦૧/- વિજયાબેન મનસુખલાલ મહેતા
રૂ. ૧૦૦/- વિજય મણીલાલ મારૂ
રૂ. ૧૦૧/- એક સદગ્રહસ્થ
રૂ. ૧૦૦/- સ્વ. શાન્તાબેન શાન્તીલાલ ગાલા
રૂ. ૧૦૦/- ક્રીશ પૂર્વેશ મોતા
રૂ. ૧૦૦/- ખુશ્બુ સચીન મોતા

**મૂઠીભર અનાજ યોજના :**

૨૫ કિલો ચોખા, ૧૦ કિલો દાળ - યાના હેમલ ગાલા
૫૦ કિલો ચોખા, ૨૫ કિલો દાળ - પ્રાગજી ભાઈ ભાનુશાલી પુણ્યતિથી નિમિત્તે હ. ડૉ. દીલીપ ભાનુશાલી

સમાજના સભ્યોને વિનંતી કે તેમના યુવા પુત્ર-પુત્રીને મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટીયર માટે નામ નોંધાવે. માનવસેવા જેવી કોઈ સેવા નથી. આપણા વોલીન્ટીયર યુવા-યુવતીને સેવા અપર્ણ બદલ સર્ટીફીકેટ આપવાનું વિચારલે છે, જે ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ માટે લાભકારક થશે.

# જીવન ચક્ર

### પુત્ર જન્મ

| | | |
|---|---|---|
| સૌ. દિપ્તી અતુલ હંસકુમાર સાયલા | | સુથરી |
| સૌ. વર્ષાબેન યોગેશ પ્રવિણ નાગડા | | મોટી સીંધોડી |

### લગ્ન

| | | |
|---|---|---|
| કિર્તના રમેશ વીરજી દેઢિયા | ગઢશીશા | હૈદરાબાદ |
| સાગર તારાચંદ પ્રેમજી દેઢિયા | મોટા રતડીયા | |

### સગપણ

| | | |
|---|---|---|
| વૈશાલી લક્ષ્મીચંદ સુંદરજી નાગડા | ભોજાય | હૈદરાબાદ |
| નયન મણીલાલ રામજી માલદે | લુણી | સાંગલી |

### અવસાન - ચક્ષુદાન

| | | |
|---|---|---|
| ખેતશી પુંજાભાઈ ગડા | ઉ.વ. ૮૩ | ડુમરા |

### ચક્ષુદાન - દેહદાન



રાજેન્દ્ર તલકશી ગોગરી
ઉ.વ. ૫૭ - નારાણપુર

વિશનજી ખીમજી વોરા
ઉ.વ. ૮૦ - નવીનાર



## CHANGE OF ADDRESS :

**1) Kulinchandra Dhulla**, C/o. Balaji Collections,Kashi Reddy Complex, Below Mahesh Bank, Near Couvery Hotel, Chandanagar, Hyderabad

**2) Paras Ramesh Lodaya**, 3-2-376, Above Dr. Nethra Dental Clinic, 2nd Floor, Nimboliadda, Hyderabad - 500 027 Ph : Paras - 99499 81999, Dharini - 98484 49447 E-mail : parasrj@yahoo.com

Off : 4-4-950, Sultan Bazar, J.P. House, Hyderabad - 500 095 Ph : 040-66 680 780, 4004 7999

**3) Narayanji Virji Bhanushali**, 3-3-835/2, Flat No. B2 & B3, 7th Floor, Meeraniketan Apartment, Kutbiguda, Hyderabad- 500 027

**4) Piyush Kanitlal Gosar** (Halapur), 3-4-141, Flat No. 303, The legend Apartment, Near Shalini Hospital, Barkatpura, Hyderabad - 500 027 Ph : Piyush - 92463 44789, Sonal - 92463 13689

## પ્રતિસાદ

શ્રી કચ્છી મિત્ર મંડળ તથા વસ્તી પત્રક સમિતિના શ્રી અરવિંદભાઈ છેડા તથા તેમની ટીમને આવું સુંદર વસ્તીપત્રક બહાર પાડવા બદલ અભિનંદન, તેમજ નિયાપો ઓગસ્ટ ૧૨ ના અંકમાં પાલનહાર મારા પિતાનો હદયસ્પર્શી લેખ બદલ શ્રી પંકજ વલભજી સાવલા ને અભિનંદન...

**- પૂનમ આણંદજી નાગડા**



## અભિનંદન

શિવસેના, નવનિર્માણ સેના તથા નેશનલ કોંગ્રેસ પાર્ટીના ભલામણથી હૈદરાબાદ નિવાસી શ્રી સચીન ઉત્તમચંદ નાગડા કચ્છ નલીયા ની બોમ્બે પોલીસ મોહલ્લા પીસ કમીટી માં નિમણુક થએલ છે.

## સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**

સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની તા. ૪-૯-૨૦૧૨ના મળેલ સભામાં ઑગસ્ટ ૨૦૧૨ મહિનાનાં ૧૦ વ્યક્તિઓની આજીવન સભ્યપદની અરજીઓને મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી ભાવીની હીરેન હરિયા | શેરડી | B/1006/9/12 |
| ૨ | શ્રીમતિ તૃપ્તી નરેશ ગાલા | સામખિયારી | T/1001/9/12 |
| ૩ | કુમારી કવિતા કીર્તીકુમાર કપાડીયા | પત્રી | K/1016/9/12 |
| ૪ | કુમારી હેતા હંસકુમાર સાયલા | સુથરી | H/1016/9/12 |
| ૫ | કુમાર અંકીત દીનેશ ગાલા | સાભરાઈ | A/1007/9/12 |
| ૬ | શ્રીમતી દીપ્તી મૌલીક કક્કા | બેરાજા | D/1008/9/12 |
| ૭ | શ્રીમતી રંજન ડાયાલાલ ભેદા | ભુજપૂર | R/1005/9/12 |
| ૮ | શ્રીમતિ બેલા નીમેશ ભેદા | ભુજપૂર | B/1007/9/12 |
| ૯ | શ્રી જવેરભાઈ મુલજી લાલકા | લાલા | J/1005/9/12 |
| ૧૦ | શ્રી પ્રદીપ જયરામ કક્કર | અંજાર | P/1008/9/12 |

ઉપરોક્ત સર્વે સભ્યો ને મંડળ વતી હાર્દિક અભિનંદન

## વસ્તી પત્રક સમિતિ

સંચાલક : **અરવિંદ કેશવજી છેડા**

### સંપર્ક સેતુ (ટેલીફોન ડિરેક્ટરી - ૨૦૧૨)

સંપૂર્ણ માહિતિ સભર વસ્તી પત્રક ૨૦૧૨ ના પ્રકાશન અને લોકાર્પણ ને સુંદર હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. આ વસ્તી પત્રક થી આપણું સંપર્ક કાર્ય સરળ થઈ ગયું છે. અને એ ઉપયોગી સાબિત થયું છે.

હવે પ્રસિદ્ધ થનાર સંપર્ક સેતુ - ૨૦૧૨ (ટેલીફોન ડિરેક્ટરી) નું કામ પૂર્ણતાને આરે છે. જેના દાતા શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા (ગૌરવ કેટરર્સ) પરિવાર છે. આ ડિરેક્ટરી સૌને મળ્યા બાદ ખૂબજ ઉપયોગી થશે. છેલ્લામાં છેલ્લાં અપડેટ કરેલ ટેલીફોન નંબર / મોબાઈલ નંબર તેમજ સરનામાં ફેરફાર ને કરવ કરી લેવામાં આવેલ છે. હજી પણ કોઈને પોતાના નંબર કે સરનામાં ફેરફાર હોયતો તા. ૩૦-૯-૨૦૧૨ સુધી પોતાની વિગતો ઓફિસમાં મોકલી આપવાથી લેટેસ્ટ અપડેટ થઈ જશે. ત્યારબાદ આ ડાયરીનું પ્રિન્ટીંગ કાર્ય શરૂ થતા ફેરફાર થઈ શકશે નહીં.

વસ્તી પત્રકની એકસ્ટ્રા કોપી કોઈને પણ જોઈતી હોય તો ઓફિસમાં રૂ. ૫૦૦ ભરી લઈ શકાશે. આપ આ માહિતિ સભર વસ્તીપત્રક લઈ આપના સ્નેહીઓ-મિત્રો કે ગામના મહાજનોને ભેટ કરી શકશો.

વધુ માહિતિ માટે સંચાલક શ્રી અરવિંદ કેશવજી છેડા ૯૩૯૧૦ ૦૭૨૭૭, સહ સંચાલકો : પંકજ હીરજી સાવલા ૯૮૪૯૭ ૪૭૬૨૫, હરેશ હેમરાજ દેઢિયા ૯૨૪૬૧ ૯૪૪૦૫, લહેરચંદ ટોકરશી લોડાયા ૯૨૪૬૫ ૩૧૦૬૬ નો સંપર્ક કરવો.

## SHANTI PRIMAY SCHOOL

Sanchalak : **Vipul Harilal Nisar**

The month of August in any School Calender is most welcomed by the students. With Festivities in the air all the students and teachers gear up for celebrating.

Raksha Bandhan, Gokul Asthami, Paryusham and Idd.

The 66th Independence Day of our beloved country was celebrated with lot of enthusiasm and verve. The National Flag was hoisted in the premises of Kutch Bhavan amidst loud cheers and applaud in the presence of Trustees, Working Committee Members, Parents, Teachers and Students. The Principal Smt. Vasudha welcomed the gathering and our President Shri Dhanjibhai Sawla blessed the students in his inimitable style.

The Students of LKG / UKG to 5th standard performed dances incorporating national integration theme. Their performance enthralled the audience.

The programme was followed by lovely warm breakfast for the whole gathering and was thoroughly enjoyed by all. The kids were surprised with variety of Ice Creams.

I thank our dear Vice President Shri Manikanthbhai Momaya and family for hosting the break fast and look forward for the same support in our future programes.

## SHIKSHAN SAMITHI

Sanchalak : **Dirgesh H. Nishar**

I have immense pleasure in informing that the results of the students of our samaj are excellent and the awareness towards education ,towards Professional courses is increasing every year.

Recently we have won the under 19 World cup in cricket in Australia; 6 medals in Olympics and a Test match series with New Zealand . The career in sports in our country is developing slowly . The participation in sports of our community at large is not very high . I feel that the time has come when sports should be promoted for young children , so that later it can be developed as a carrer for many of them.

The Shikshan sahayta programme is in progress many students have taken the benefit of the same . This activity done by our SAMAJ is highly appreciable .

We have received many applications for the Gold and Silver awards . The event of honoring the meritorious students shall be held on :-

Date:- 7th October, 2012, Time :- 6:30 P.M Onwards, (followed by Alpahaar )
Venue :- At Kutchi Bhavan, Ramkote.

The seven awards will be presented by the donor families . we shall welcome the donors for Sri Kutchi Mitra Mandal special Gold Medals for higher technical studies and also donors for the silver medals .

The interested members can contact the Sanchalak , or the secretary of Shri Kutchi Mitra Mandal. I request all the Members of Shri Kutchi Mitra Mandal to Participate in This Event in large numbers.

I request all the members of Sri Kutchi Mitra Mandal to participate in this event in large numbers.

# સંસ્થા સમાચાર

❖ **આંધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજ** : દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એકમ તેમજ મદુરાઈ ઘટક દ્વારા કોડાઈ કેનલ ખાતે તા. ૧૧-૧૨ ઓગસ્ટ ૨૦૧૨ ના યોજિત યુથ કેમ્પમાં હૈદરાબાદ ઘટક માંથી ૩૮ યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો. ગ્રુપ લીડર તરીકે શ્રીમતિ લતાબેન દેઢિયા અને શ્રીમતિ જયશ્રી બેન કારાણી સાથે રહ્યા હતા.

શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ દ્વારા શુક્ર, શનિ, રવિ તા. ૫-૬-૭ ઓક્ટોબર ૨૦૧૨ ના મહાબળેશ્વર ખાતે હોટલ ડ્રીમલેન્ડમાં "હમ તુમ ભાગ-૧૧" લગ્નોત્સુક યુવક-યુવતિ મેળાવડાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળાવડામાં ભાગ લેવા માટે ફોર્મ મેળવવા તેમજ વધુ જાણકારી માટે સમાજના માનદ્ મંત્રી શ્રી પોપટલાલ છેડાનો મો. ૦૯૪૪૦૦ ૫૫૧૧૩ પર સંપર્ક કરવો. આંધ્ર પ્રદેશ ક.વિ.ઓ. સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૫-૮-૨૦૧૨ ના કચ્છી ભવનમાં રાખવામાં આવેલ.

❖ **શ્રી આઠકોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ હૈદ્રાબાદ** દ્વારા પર્યુષણ પર્વ દરમ્યાન ધર્મ આરાધના કરાવવા માટે મુંબઈથી સુશ્રાવક શ્રી મહેન્દ્રભાઈ સૈયા, શ્રી વિપુલભાઈ શેઠીયા તથા તેમના સાથીદારોને બોલાવવામાં આવેલ. એમનાં આઠ દિવસનાં રોકાણ દરમ્યાન બાળકો તથા ભાઈ - બહેનો એ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી ખૂબ લાભ લીધો. નાના બાળકોને જૈન ધર્મનાં પ્રાથમીક જ્ઞાનની સમજણ તથા નાની વયમાંજ ધાર્મીક સંસ્કારોનું સિંચન કરવું એજ મુખ્ય ધ્યેય હતો. પરોઢિયાનું પ્રતિક્રમણ સવારનાં નવ વાગ્યાનું વ્યાખ્યાન તથા દિવસ ભરનાં ધાર્મીક કાર્યક્રમોમાં નાના મોટા સહુએ આનંદ અને ઉત્સાહથી ભાગ લીધો. ફરી ફરીને આવો લાભ અને આવા સુશ્રાવકોનું સાનિધ્ય પ્રાપ્ત થાય એવી આશા સહુએ રાખી છે.

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ** : સપ્ટેમ્બર માસના અતિથિ વિશેષ તરીકે શ્રી ખીમજી ડુંગરશી મામણિયા છે.


**જન્માક્ષર ઉંડાણપૂર્વક અધ્યન કરી વર-કન્યા મેળાપક**
**કોમ્પ્યુટર જન્માક્ષર - ગુજરાતી તેમજ ૧૦ ભાષામાં બનાવી આપવામા આવશે...**
ઘર-દુકાન-ફેક્ટરી વાસ્તુ માર્ગદર્શન માટે મળો : જ્યોતિષાચાર્ય પં. ભરત ભટ્ટ (કચ્છી બ્રાહ્મણ)
૪-૩-૨૦૦, સાઈબાબા મંદિર પાછળ, કે.એસ.લેન, સુલતાન બાજાર, હૈદરાબાદ
ફોન. ૦૪૦-૨૪૭૬૦૯૪૯ (મો) ૯૪૪૦૪ ૯૮૩૦૮ email: bbastrobhatt@hotmail.com
(જા.ખ.)

**શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ (ગુજરાતી મહારાજ)**
**શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, પિતૃદોષ, મેળાપક, જન્માક્ષર, કુંડલી તથા દરેક પ્રકારની**
**ધાર્મિક પૂજા વિધી માટે સંપર્ક:**
**C/o. K.P. Shreevastav, # 4-5-662, First Floor,**
**Opp. St. Pauls School, Kutbiguda, Hyderabad - 27**
**Mobile : 99895 11627, 90007 98770**
(જા.ખ.)



## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

# મનોરંજન સમિતિ પ્રસ્તુત શરદોત્સવ– ૨૦૧૨

## રવિવાર ૨૮-૧૦-૨૦૧૨, સાંજના ૭.૦૦ કલાકે થી,

## સ્થળ : શ્રી હનુમાન વ્યાયામ શાળા, સુલતાન બજાર,

પ્રતિવર્ષાનુસાર આપણે સૌ સાથે મળી **રાસગરબા** ના થનગનાટ સાથે ઉજવીશુ **શરદ પૂર્ણિમા** જેમાં સહ પરિવાર ભાગ લઈ કાર્યક્રમ ને સફળ બનાવવા આપસૌને આમંત્રણ છે.

દાંડીયા, ગરબા અને વેશભુષા હરિફાઇઓ સાથે નિચે મુજબની વિવિધ હરીફાઈઓ યોજવામાં આવેલ છે.

૧) **આરતી સજાવટ (Aarti Decoration)** : આરતી ની થાળી પારંપરિક રીતે ઘરે થી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાની રહશે.

૨) **ગરબો સજાવટ (Garba Decoration)** : ગરબો પારંપરિક રીતે ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજના ૭.૦૦ વાગ્યા સુધી લાવવાનો રહેશે.

૩) **દાંડીયા સજાવટ (Dandiya Decoration)** : દાંડીયાની જોડ ઘરેથી સજાવીને સ્થળ ઉપર સાંજે ૭.૦૦ વાગ્યા સુધી લાવવાનું રહેશે.

દાંડીયા ગરબા અને વેશભુષા હરીફાઈઓ :

| | | | |
|---|---|---|---|
| Group A | : | 7 Yrs. & Below | Boy's & Girls |
| Group B | : | 8 Yrs. to 12 Yrs. | Boy's & Girls |
| Group C | : | 13 Yrs. to 18 Yrs. | Boy's & Girls |
| Group D | : | 19 Yrs. to 35 Yrs. | Gents & Ladies |
| Group E | : | 35 Yrs and Above | Gents & Ladies |

વિશેષ સીનીઅર સિટીજન માટે ઓલ રાઉંડ પ્રાઇઝ.

**કપલ દાંડીયા હરીફાઈ (Couple Dandia Competition)** : હરીફાઈમાં ફક્ત મેરીડ કપલ ભાગ લઈ શકશે. પ્રતિયોગીતામાં ફક્ત પાંરપરિક વેષભુષાને પ્રાધાન્ય આપવામાં આવશે.

આરતી, ગરબો અને દાંડીયા સજાવટ માટે નામ નિચે જણાવેલ ફોન નંબર ઉપર તા. ૨૫-૧૦-૨૦૧૨સુધી નોંધાવવું જરૂરી છે.

દુધ-પૌવા ની લહેજત સાથે અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

સ્પોન્સર શીપ બેનર માટે નામો આવકાર્ય છે.

સંપર્ક

| મહેન્દ્ર વોરા | હરેશ દેઢિયા | લહેરચંદ લોડાયા | સમીર વોરા |
|---|---|---|---|
| ૯૨૪૬૧ ૮૫૬૩૧ | ૯૨૪૬૧ ૯૪૪૦૫ | ૯૨૪૬૫ ૩૧૦૬૬ | ૯૪૪૦૪ ૧૪૧૨૨ |



Shri Kutchi Mitra Mandal - Ramat Gamat Samiti (Hyderabad)
brings to you

# KMM Championship League

## On October 14th, 2012 from 07:00AM Onwards

| GAMES | TABLE TENNIS | BADMINTON | CARROMS | CHESS |
|---|---|---|---|---|
| Age | 9 to 17 years | 9 to 17 years | 9 to 17 years | 9 to 17 years |
| Groups | Male – Singles<br>Female – Singles | Male – Singles<br>Female – Singles<br>Male – Doubles<br>Female – Doubles | Singles<br>Doubles | Singles |
| Age | 18 to 40 years | 18 to 40 years | Over 17 years | Over 17 years |
| Groups | Male – Singles<br>Female – Singles | Male – Singles<br>Female – Singles<br>Male – Doubles<br>Female – Doubles | Singles<br>Doubles | Singles |
| Age | Over 40 years | Over 40 years | - | - |
| Groups | Male – Singles<br>Female – Singles | Male – Singles<br>Female – Singles | - | - |

*Things you would like to know:*

- *Please contact Kavit Sanghvi- 80990 23836 , Kailash Chheda- 90008 77686, Dhiren Haria- 9030678211 or at Kutchi Bhavan for registration.*
- *Kutchi Bhavan is available for KMM members for practice from 6:00 am to 9:00 am*
- *Registrations are open only till 25th September, 8:00 PM*
- *One member can apply for only two entries*

*- Convenor (Kunal Haria)*



# સમાજનું ગૌરવ

**કુતુહલતા અને આવિષ્કાર એ બે પર્યાયવાદી શબ્દો છે...**
**તે યુગો પહેલાં આપણે સાંભળેલું અને આપણા સમાજમાં આ બાબત ને હકીકત કરી બતાવ્યું તે છે આપણાં ગામ પત્રીનાં ગૌરાંગ નેમજી કાનજી ધરોડ.**



વર્ષો પહેલાં ભુલાઈ ગયેલી ભારતીય સંસ્કૃતી અને ભારતીય કળા ને જીવંત કરી નાનાં ગામડાઓનાં વણકરો પાસે એવી એવી ડીઝાઈનર સાડીઓ તૈયાર કરાવી કે એ જોઈને ફેશન જગતની મોટી મોટી હસ્તીઓ પણ ચકિત થઈ ગઈ. આપણા દેશમાં લેકમે, ફેશન શો માં એમની કળાનાં પ્રદર્શન તો થયાં પણ હવે વિદેશ માં પણ શો થવા લાગ્યાં છે. હમણાં બર્લીન (જર્મની) માં ફેશન શોમાં ભારતમાંથી એક માત્ર ગૌરાંગ ને જ આમંત્રણ મળેલ. ત્યાં એની કલાનું પ્રદર્શન જોઈ ત્યાંના બીન ભારતીઓ પણ ખચાખચ ભરેલા હોલમાં ઉભા થઈને ગૌરાંગને તાળીઓથી વધાવેલ.
હાલમાં મુંબઈમાં લેકમે ફેશનશો માં ગૌરાંગ ને બેસ્ટ ડીઝાઈનરનો એવોર્ડ પણ મળેલ છે.

ગૌરાંગ ની સફળતા પાછળ "કુછ હટકે સોચો કુછ હટકે કરો" ની ફીલસુફી સંતાઈ છે. કોઈ પણ ડીઝાઈનરનો કોર્સ કર્યા વગર આપસુઝ થી આગળ વધનાર ગૌરાંગને અમારા સૌના હાર્દિક અભિનંદન....

**શ્રી નેમજી કાનજી ધરોડ પરિવાર** (પત્રી)
**શ્રી ગિરિશ કેશવજી દેઢિયા પરિવાર** (ભુજપૂર)

ના ***Hearty Congratulations***

(જી.પ્ર.)

# અભિનંદન... અભિનંદન...



**શ્રી ટોકરશી લાલજી કાપડિયા** પરિવાર તરફથી ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટને ૧૦૦૦ (એક હજાર) ડાયાલીસીસ માટે રૂ. ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) જેવી માતબર રકમનું દાન શ્રીમતિ લીલમબેન તથા શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાના લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થતાં ગોલ્ડન જ્યુબિલી ઉજવણીના અનુસંધાનમાં આપેલ છે. જે ખરેખર આપણા સમાજ માટે ગૌરવરૂપ અને પ્રેરણા દાયક છે. કાપડિયા પરિવારના સમાજોપયોગી કાર્યો માં યોગદાનથી આપણે અજાણ નથી. હમેશા માનવ સેવાના ભેખદારી શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાએ સમાજ અને અન્ય ગરીબોના ઉદ્ધાર માટે ક્યારેય પાછુ વળી જોયું નથી.

ધાર્મિક, શૈક્ષણિક, સ્વાસ્થ્ય તેમજ સમાજ સેવાના અન્ય ક્ષેત્રોમાં જેમનું યોગદાન ઉચ્ચતમ રહ્યું છે, ગુપ્ત દાનોથી એમણે હજારો જરૂરતમંદ પરિવારોના આંસુઓ લુછ્યા છે. શ્રીમતિ લીલમબેન તથા શ્રી ધીરજભાઈ કાપડિયા, શ્રીમતી વિજયાબેન તથા શ્રી કીર્તિકુમાર કાપડિયા, શ્રીમતિ કલ્પનાબેન તથા શ્રી સુશીલકુમાર કાપડિયા એમના પૂ. વડિલશ્રી ટોકરશી લાલજી કાપડિયાની કંડારેલી કેડીએ ચાલી આપણા સમાજનું નામ રોશન કર્યું છે.

પ્રભુ એમને દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના સહ...

લિ.

**આંધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજ**

**દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એકમ**

(જા.ખ.)

# વિવિધા

## કરિયાવર

હરખ ભેર હરીશભાઈએ ઘરમાં પ્રવેશ કર્યો ! સાંભળ્યું ? અવાજ સાંભળી હરીશભાઈના પત્ની, નયનાબેન, હાથમાં પાણીનો ગ્લાસ લઈને બહાર આવ્યા.

આપણી સોનલનું માંગુ આવ્યું છે. ખાધે પીધે સુખી ઘર છે. છોકરાનું નામ દિપક છે અને બેંકમાં નોકરી કરે છે. સોનલ હા કહે એટલે સગાઈ કરી દઈએ.

સોનલ એમની એકની એક દીકરી હતી. ઘરમાં કાયમ આનંદનું વાતાવરણ રહેતું. હા, ક્યારેક હરીશભાઈનાં સિગારેટ અને પાન-મસાલાનાં વ્યસનને લઈને, નયનાબેન અને સોનલ બોલતા પણ, હરીશભાઈ ક્યારેક ગુસ્સામાં અને ક્યારેક મજાકમાં આ વાત ને ટાળી દેતા. સોનલ ખુબ સમજદાર અને સંસ્કારી હતી. એસ.એસ.સી પાસ કરીને ટ્યુશન, ભરતકામ કરીને પપ્પાને મદદ રૂપ થવાની કોશિશ કરીત, હવે તો સોનલ ગ્રેજ્યુએટ થઈ ગઈ હતી અને નોકરી કરતી હતી, પણ હરીશભાઈ એની આવકનો એક રૂપિયો લેતા નહિ અને કાયમ કહેતા બેટા આ તારી પાસે રાખ તારે ભવિષ્યમાં કામ લાગશે.

બને ઘરના સહમતીથી સોનલ અને દિપકના સગાઈ કરી દેવાઈ અને લગ્નનું મુહુર્ત પણ જોવડાવી દીધું. લગ્નને આડે હવે પંદર દિવસ બાકી હતા. હરીશભાઈએ સોનલને પાસે બેસાડીને કહ્યું, બેટા તારા સસરા સાથે મારી વાત થઈ, એમણે કરિયાવરમાં કઈ જ લેવાની નાં કહી છે, ના રોકડ, ના દાગીના અને ના તો કોઈ ઘરવખરી. તો બેટા તારા લગ્ન માટે મેં થોડી બચત કરી ને રાખી છે એ આ બે લાખ રૂપિયાનો ચેક હું તને આપું છું, તારે ભવિષ્યમાં કામ લાગશે, તું તારા એકાઉન્ટમાં જમા કરાવી દેજે.

ભલે પપ્પા, સોનલ ટુંકો જવાબ આપીને પોતાના રૂમમાં જતી રહી.

સમયને જતા ક્યાં વાર લાગે છે ? શુભ દિવસે આંગણે જાન આવી, સર્વેનાં હરખનો પાર નથી. ગોરબાપાએ ચોરીમાં લગ્નની વિધિ શરુ કરી ફેરા ફરવાની ઘડી આવી, કોયલનો જેમ ટહુકો થાય એમ સોનલનાં હૈયેથી બે શબ્દો નીકળ્યા. ઉભા રહો, ગોરબાપા, મારે તમારા બધાની હાજરીમાં મારા પપ્પાની સાથે થોડી વાત કરવી છે. પપ્પા, તમે મને લાડકોડથી મોટી કરી, ભણાવી, ગણાવી, ખુબ પ્રેમ આપ્યો એનું ઋણ તો હું ચૂકવી નહિ શકુ, પરંતુ, દિપક અને મારા સસરાની સહમતીથી તમે આપેલો બે લાખ રૂપિયાનો ચેક તમને હું પાછો આપું છું, એનાથી મારા લગ્ન માટે કરેલું ભારણ ઉતારી દેજો અને આ ત્રણ લાખનો બીજો ચેક જે મેં મારા પગારમાંથી કરેલી બચત છે, જે તમે નિવૃત થશો ત્યારે કામ લાગશે. હું નથી ઈચ્છતી કે ઘડપણમાં તમારે કોઈના પાસે હાથ લંબાવવો પડે. જો હું તમારો દીકરો હોત તો આટલું તો કરત જ ને ! હાજર રહેલા બધાની નજર સોનલ ઉપર હતી. પપ્પા, હવે હું તમારી પાસે કરિયાવરમાં જે માંગું એ આપશો ? હરીશભાઈ, ભારે આવાજમાં, હા બેટા ! એટલું જ બોલી શક્યા.

તો, પપ્પા, મને વચન આપો કે આજ પછી તમે **સિગારેટને હાથ નહિ લગાવો, તમાકુ, પાન, મસાલાનું વ્યસન આજથી છોડી દેશો. બધાની હાજરીમાં હું કરિયાવરમાં બસ આટલું જ માંગુ છું.**

દીકરીના બાપ ના કેવી રીતે કહી શકે. લગ્નમાં દીકરીના વિદાય વખતે કન્યા પક્ષના સગાઓને તો રડતાં જોયા હશે પણ આજે તો જાનૈયાની આંખો પણ ભીંજાઈ ગઈ.

દુરથી હું સોનલનાં આ લક્ષ્મી સ્વરૂપને જોતો જ રહ્યો, ૨૦૧ રૂપિયાનું કવર મારા ખિસ્સામાંથી બહાર કાઢી શક્યો નહિ. સાક્ષાત લક્ષ્મી ને હું શું લક્ષ્મી આપું. પણ, એક સવાલ મારા મનમા જરૂર થયો, ભૂણહત્યા કરતા સમાજનાં સંસ્કારી લોકોને સોનલ જેવી લક્ષ્મીની જરૂર નહિ હોય ?

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

# રોટી કે બગૈર બચ્ચા ઉદાસ થા

એક વિભાગનાં પર્યુષણ પર્વ સંપન્ન થયા. તપ નિમિત્તે સાંજીઓ, સ્વામિવાત્સલ્ય, નવકારશી, અખબારો, પત્રિકાઓમાં જાહેરાતોનો ધસારો... આદિ... ચાલુ થઈ ગયા ત્યાં બીજા વિભાગનાં પર્યુષણ પર્વની તડામાર તૈયારીઓ થઈ રહી છે. એ સંપન્ન થતાં સાંજીઓ નવકારશી સ્વામિવાત્સલ્ય (જમણ-ભોજન) દરેક સંઘો આદિમાં પરંપરા પ્રમાણે અને સંઘોનાં ધારા ધોરણો, પ્રમાણે થશે. મારે બીજી કાંઈ અત્યારે વાત નથી કરવી. મારે વાત એક જ હાલ કરવી છે. શિક્ષા કે ઉપદેશની રીતેનહીં પણ મારી નજરે જે જોઈ રહ્યો છું તે તરફ અંગુલિ નિર્દેશ કરીશ.

જૈનોની શિષ્ટતા અને સભ્યતા, વ્યવસ્થા બધે ઠેકાણે ગવાય છે. ત્યારે ભોજન બગાડ બાબતમાં તા. ૨૪-૪-૨૦૧૧ ના ગુજરાત સમાચારની રવિપૂર્તિનાં ફ્રન્ટ પેઈજ પર 'હોરાઈઝન' ભવેન કચ્છીની કલમે લખાયેલ લેખ મોકલું છું.

જર્મનીમાં ગ્રુપ સ્ટડી એક્સચેંજ કાર્યક્રમ અંતર્ગત ગયેલા ગુજરાતી મિત્રને થયેલ ચોટદાર અનુભવ ઈ-મેઈલ દ્વારા (ભવેન કચ્છીને) મોકલેલ તે એમના શબ્દોમાં જ વાંચો.

તેઓનું ગ્રુપ ફેમ્બર્ગની એક રેસ્ટોરમાં ભોજન લેવા ગયું હતું. અવનવી વાનગીઓનો ઓર્ડર બધા પોતપોતાની રીતે આપવા માંડયા, વેઈટર પણ કુતૂહલતા સાથે ઓર્ડર નોંધતો ગયો. તેના ચહેરા પરથી એ શંકા અને આશ્ચર્યના એવા ભાવાંકનો સ્પષ્ટ જોઈ શકતા હતા કે, આ ગ્રુપ જે રીતે વાનગીઓની યાદી લખાવે છે તે જોતા બે - ચાર દિવસનો ઉપવાસ કરીને આવ્યા લાગે છે. આટલું બધું હજમ કરી નાંખશે ?

બુફેમાં તો પોતાના હાથમાં લેવા માટે ચમચા - ચમચી હોવાથી બે રોક ટોક હોય.

જોત જોતામાં આખું ટેબલ વાનગીઓ ભરેલી પ્લેટોથી ભરાઈ ગયું. આપણાં ભારતીય મિત્રોની આ ભોજન જ્યાફત માંડ ૧૫-૨૦ મિનિટ ચાલી હશે ત્યાં તો બધાં. ધરાઈ ગયા. રોફભેર બિલ મંગાવ્યું મેનેજરે આઘાત અનુભવતા કહ્યું કે, તમે - આટલું બધું ભોજન વધાર્યું ? હું તમને વિનંતી કરૂં છું કે તમે થોડું વધારે બેસો અને વધેલી વાનગીઓ પુરી કરો. હું જાણું છું કે તમે વિદેશી છો.

**(સ્વામિ વાત્સલ્યમાં પણ આવી વિનંતી થતી હોય છે...ને આપણા જૈનો માટે.)**

ટેબલ પર આપણા આ ગ્રુપે જે ભોજનનો ઓર્ડર કર્યો હતો તેના ત્રીજા ભાગનું વધ્યું હતું. પણ આપણા માટે આ રીતે ઓર્ડર આપીને વધારવું કંઈ નવી વાત નહોતી. આપણે ત્યાં તો હોટલના મેનેજરને પણ તેમાં કંઈ અજુગતુ નથી લાગતું હોતું. પણ અહીં હેમ્બર્ગની આ રેસ્ટોરાનો મેનેજર આપણાં ગ્રુપને થોડી ચેતવણી અને થોડી કાકલુદી મિશ્રિત ટોનમાં જણાવી રહ્યો હતો કે ભાઈ સાહેબ, કંઈ બગાડ કર્યા વગર ટેબલ નો છોડો તો સારૂં.

મેનેજર અને આપણા ગ્રુપ વચ્ચેનાં સંવાદે એક પીઢ જર્મન મહિલાનું ધ્યાન ખેચ્યું. આ ગ્રુપ જોડે એક સ્થાનિક જર્મન સ્વયંસેવક પણ હતો. તેણે આ પીઢ મહિલા ને સમજાવ્યું કે આ રકઝક પૂરી કરીએ તો સારૂ...

મામલો થોડો શાંત પડ્યો હશે ત્યાં જ આપણા આ ભારતીય ગ્રુપમાંથી એક સભ્યએ આપણા બધાની સામાન્ય રીતે જે પ્રતિક્રિયા હોય તેમ ટોણો માર્યો કે, અમે જેટલી વાનગીઓ મંગાવી છે તેની પુરે પુરી રકમ તો ચુકવી છે ને અમે વધારીએ એમાં તમને શું નુકશાન કેવી વાહિયાત વાત.

પેલી પીઢ જર્મન મહિલાથી હવે ન રહેવાયું. તેણે રાતાપીળા થઈને તરતજ કોઈને ફોન કર્યો આ ગ્રુપને કાંઈ સમજાયું નહીં કે આ બધું શું થઈ રહ્યું છે. અમને થોડીવાર માટે થોભવા જણાવાયું.

ભારતીય ગ્રુપ સાથેના જર્મન સ્વયંસેવક પરિસ્થિતિ પામી ગયા હતા. તેમણે ધીમા અવાજે એટલું જ કહ્યું કે આપણે દંડ ભરવો પડશે. તેવામાં જ યુનિફોર્મ પહેરેલ એક સમાજ સુરક્ષા વિભાગનો ઓફિસર આવ્યો. પેલી જર્મન મહિલા જોડે કંઈક વાતચીત કરીને અમારા ટેબલ પરની વાનગીઓ પર નજર ફેરવીને ૫૦ માર્ક (ચલણી રકમ) નો દંડ ફટકારતી રસીદ ફાડી આપી. ભારતીય ગ્રુપ જોડેનાં જર્મન સ્વયંસેવક આ દંડ ભરી દીધો, જે એટલો મોટો તો નહોતો જ પણ શરમમાં મૂક્તો જે બોધ પાઠ આપવા માટે પૂરતો હતો.

**(તમારૂં એઠું મુકેલું તમે ખાઈ જાઓ... નહીં તો અમારે ખાવું પડશે. આ સૂચના આપણાં જમણવારોમાં અપાતી હોય છે, એ સારૂં છે.)**

વધુ જોશમાં આવી ફરી આપણા ગ્રુપના પેલા સભ્યએ દલીલ કરી કે આ ખોટુ કહેવાય. તમે જે મંગાવ્યું તેની રકમ આપી દીધી છે.

અમારી મરજી અમે ખાઈએ કે વધારીએ. અમને દંડ ફટકારાય તે કેવો ન્યાય. પેલા સમાજ સુરક્ષાના ઓફિસરે કડક ટોન સાથે સમજાવ્યું કે તમે તો ચીજની રકમ ચૂકવી. પણ તે ચીજનો બગાડ થતો તે રીસોર્સિસ (સંપદા) ની કિંમત તમે ક્યાંથી ચૂકવી શકશો ? હવે આ અન્ન કોઈ ને કામ નહીં લાગે, બધાની કિંમત ચૂકવીને જવાબદારી થોડી પૂરી થઈ જાય છે ?

**(ધન્યવાદ છે - ખાવા લાયક પણ વધેલા... ફેંકવા લઈ જનાર અન્નને એકઠું કરી ભૂખ્યાઓની ભૂખને ઠારવા ઉપયોગમાં લેનારને)**

અમારા દેશમાં અને વિશ્વમાં હજુ એવા અગણિત લોકો છે જેઓને ખાવા પીવાનું પૂરતું મળતું નથી. તમે તો વાનગીઓની કિંમત જ ચૂકવી છે.મની ઈઝ યોર્સ, બટ રિસોર્સિસ બિલોંગ ટુ ધ સોસાયટી. ઘેર આર મેની અધર્સ ઈન ધ વર્લ્ડ હુ આર ફેસીંગ શોર્ટેજ ઓફ રિસોર્સિસ યુ હેવ નો રીઝન ટુ વેસ્ટ રિસોર્સિસ.

ઓફિસર આટલું બોલીને તેમના દેશનું ગૌરવ વધારતા ચાલ્યા ગયા. આપણા ભારતીય ગ્રુપે તો કાપો તો લોહી ના નીકળે તેવી ભોંઠય અનુભવી. ખેલદિલીપૂર્વક બધાની આંખો ઉઘડવા સાથે ભીની થઈ તેઓએ રસ્ટોરેન્ટના પ્રત્યેક ટેબલ પર નજર ફેરવી લીધી. જરૂર પડે તેટલી જ વાનગીઓનો ઓર્ડર અપાતો હતો. જે ટેબલ પર ગ્રાહકો ઉભા થઈ ગયા હતા તેમની પ્લેટો બગાડ વગરની ચોખ્ખી હતી.

જર્મની આપણાં કરતાં ઘણું ધનિક અને આધુનિક છે. તેની તુલનામાં ભારતમાં ૬૦ ટકાથી વધુ ગરીબ પ્રજાને પાણી, વિજળી અને અન્ન જેવા પાયાની સગવડો પહોંચતી નથી. કદાચ જર્મનીની સરે રાશ પ્રજા સુખી અને પાયાની સગવડો મેળવે છે તેનું કારણ પ્રજાની શિસ્ત, દેશ પ્રત્યેની નિષ્ઠા જ હોઈ શકે જ્યાં શિસ્ત કે કર્તવ્યની ભાવના ના હોય ત્યાં આવા દેશોમાં કડક કાયદાઓ અનેતેનું અમલી કરણ છે.

જર્મનીના સમાજ સુરક્ષાનાં અધિકારી ૫૦ માર્કના દંડ સામે ૨૦ માર્કની કટકી લંઈને કેસની પતાવટ ના કરે. જો કોઈ કોશિષ કરે તો દેશનો નાગરિક જ સત્તા વાળાને ફોન કરી દે છે, "આ અધિકારી દંડની પતાવટ માટે લાંચ લે છે."

**(કોઈ કે મજાક કરી : કૃષ્ણાને ગમે માખણને મટકી આપણને ગમે માખણ ને કટકી...)**

**(કોંક દેશ મીશનમાં માને... આપણા અધિકારી ટોપ ટુ બોટમ કમીશનમાં માને...)**

આપણા આ ભારતીય ગ્રુપે ૫૦ માર્કના દંડની સામે ફાટેલી રસીદની ઝેરોક્ષ કરાવીને પોત પોતાની સ્મૃતિ માટે રાખી મૂકી છે. રૂપિયા આપતા હોઈએ પછી ગમે તેટલું ભોજન બગાડીએ તેવો રોફ અને રાઈ આપણામાં ભરાયેલી જોઈ શકાતી હોય તો મફતમાં કે નજીવા ચાંલ્લાની રકમ સામે બૂફેના ભોજન સમારંભો વખતે તો આપણે જે બગાડ કરીએ છીએ તેવો વેભવ અમેરિકા કે યુરોપના વૈભવી દેશોને પરવડતો નથી.

આપણે બિલ તો ભરીએ છીએને તેવા કેફ સાથે વીજળીનો બેસૂમાર વ્યય કરીએ છીએ. પાણીના બોર થી માંડી પ્યોરીફાય કેરબાઓની હોમ ડિલીવરીનો રૂઆબ બતાવી શકીયે છીએ. આપણે સંપદાના સમાન વિતરણના ખ્યાલથી જ અજાણ છીએ. આપણું બચાવેલું જરૂરિયાતમંદોને કઈ રીતે પહોંચી શકે ? પહોંચતું હશે ? તેવી શંકા પણ ખરીજ.

જે પણ બચાવવાની ઝુંબેશ કરનારા છે તેમાં નક્કર વફાદારી કે દેશદાઝનો રણકો સંભળાય છે ?

અમેરિકા અને યુરોપિય દેશો તો કદાચ સ્વાર્થી લાગે તેવા "યુઝ એન્ડ થ્રો" ના કલ્ચરમાં માને છે પણ આપણે તો "ડોન્ટ યુઝ એન્ડ થ્રો" જેવી બાદશાહી ભોગવીએ છીએ.

ભોજન સમારંભો ગમે તે નીમિત્તે થતા હોય પણ એટલું ધ્યાન દરેકને રાખવા જેવું છે. અન્નનો બગાડ કરવા જેવો નથી. કઈક લોકો કચરાપેટીમાંથી ભોજન વીણી પેટભરતા હોય કે એક ટંક જેમ-તેમ કરી ભોજન માંડ માંડ મેળવતા હોય તેવી પરિસ્થિતિમાં ભોજનનો એક કણ પણ બગડે તે પાલવે તેમ નથી. તો આપણે વ્યક્તિગત રીતે સુધરીએ એવી નમ્ર પ્રાર્થના સાથે.

## અને છેલ્લે

વો તસ્વીર લાખો મેં બિક ગઈ, જીસમેં રોટી કે બગૈર બચ્ચા ઉદાસ થા એકાદ વર્ષ પહેલાં ખાદ્ય-ગ્રાહક મંત્રાલયે રાષ્ટ્રીય સલાહકારોની મીટીંગ યોજાઈ ગઈ... ભ્રષ્ટાચાર છાવરવા નહીં પણ યુરોપ - પાકિસ્તાનમાં સમારંભોમાં એક જ ડિશનો કાયદો દાખલ કર્યો... એ વો કાયદો ભારતમાં દાખલ કરવા ચર્ચા થઈ. ફાઈનલ શું થયું એ ખ્યાલ નથી... પણ ભોજન સમારંભોમાં બગાડ આટકાવવા આ કાયદો ખૂબજ જરૂરી છે. વનડિશ એટલે દાળ-શાક-મીઠાઈ-ફરસાણ-ભાર (ફક્ત એક એક વસ્તુ) વિગેરે એક એક વાનગી. આ નિર્ણયથી ૨૦ -૩૦ ટકા બગાડ થતો અટકશે. અને ભારત માટે અન્નનો બગાડ શોભાસ્પદ જ નથી. પાકિસ્તાને સાનિયા મિર્ઝા ટેનીસ ખેલાડી, શોએબમલ્લિક ક્રિકેટરનાં લગ્ન પાર્ટીમાં સ્વૈચ્છિક વનડિશનો કાર્યદાનો બરાબર અમલ કર્યો. વનડિશ માટે સ્વૈચ્છિક સમજ કેળવાય તો ઉત્તમ. થોડા વર્ષોથી શ્રીમંતોની દેખાદેખીમાં તણાઈ મધ્યમ વર્ગે પણ અનુકરણ કર્યું... અલગ અલગ એક જ ભોજન સમારંભમાં કાઠિયાવાડી - પંજાબી - ગુજરાતી - દક્ષિણ ભારતીય ભોજનોનાં કાઉન્ટર ગોઠવાતા હોય... આ બધુ ખવાય થોડું. ને આવા સમારંભોમાં ભરેલા પેટવાળાને જ આમંત્રણ હોય. ખાલી પેટવાળા તો સમારંભની બહાર ખાવા તલપતા હોય એમને તો એઠુ જુઠું જ અપાય. તે પણ પ્રેમથી તો આપનાર તો વિરલ.

આવા સમારંભોમાં અનાજનો બગાડ જોઈ હૃદય દ્રવી ઉઠે વનડિશ અગાઉ વખતમાં હતી. બગાડ અટકાવવા આપ સૌ વ્યક્તિગત વિચારશો. કારણક મોટા ભોજન સમારંભો છયા પછી અંતે લોકો છેલ્લે તો બોલે જ છે કે આના કરતાં ઘરનું સારું. ઘરનું જમણ એ ઘરનું જમણ.

વ્યક્તિગત સુધારો એ પાકો સુધારો. અને સંકલ્પ કરો, (ભોજન) જેટલું લઈશું તેટલું પુરું કરીશું.

: **પ.પૂ. નરેશમુનિ મ.સા.**, વ્યસન મુક્તિ અભિયાન ના પ્રણેતા

# "ના" પાડવાની કળા - The Art of telling "NO"

નૃત્ય કળાના બારામાં સાંભળ્યું હશે. શાસ્ત્રિય સંગિતની કળાના બારામાં સાંભળ્યું હશે. ચિત્રકળાના બારામાં પણ સાંભળ્યું હશે પણ "ના" પાડવાની કળા હોઈ શકે ? જી, હાં : આ પણ એક શીખવા યોગ્ય ઘણી જરૂરી કળા છે. આપણા રોજીંદા જીવનમાં આપણી સામે અનેક પ્રસંગો આવે છે જેમાં તમારી સમક્ષ વિવિધ માંગો મુકવામાં આવતી હોય છે. અમુક માંગો વ્યાજબી હોય છે, માન્ય કરવા યોગ્ય હોય છે જેને તમે "હા" કહી શકો છો. કેટલીક માંગો તમે ઈચ્છવા છતાં પુરી કરવા અસમર્થ છો તો કેટલીય માંગો તમને અયોગ્ય લાગતી હોય છે. પણ "ના" પાડવી તમને મુશ્કેલ જણાય છે. સાધારણ ઉદાહરણ તરીકે, દીકરાને મોટર સાયકલ ખરીદવી હોય, તમારા કોઈ સંબંધી/મિત્રને ઉછીના પૈસા જોઈતા હોય, કે તમને એવું કામ સોંપવા ઈચ્છતા હોય જે પુરું કરતા તમારા સમય અને શક્તિ પર જરૂરત વગરનો બોજ પડે. આવા સંજોગોમાં "હા" પાડવી બહુ સહેલી છે પણ "ના" પાડવી અત્યંત મુશ્કેલી ભર્યું કાર્ય છે. શું કરવું ? તમને યોગ્ય લાગતી માંગ જરૂરથી પુરી કરો. પણ અયોગ્ય જણાતી માંગને તમે ના પાડવા ઈચ્છો છો પણ "ના" પાડવાથી સામેની વ્યક્તિ નારાજ થઈ જશે, માઠું લાગશે, સંબંધ તોડી નાખશે વગેરેનો ડર લાગે છે.

આપણામાં એક કહેવત છે, "એક નન્નૌ સો દુ:ખ હણે", અમુક સમયે તમને ના કહેવી જરૂરી લાગે તો "ના" કહેવીજ જોઈએ કેમકે તેનાથી ઘણી મુશ્કેલીઓ ઓછી થઈ જાય છે, કામ સરળ થઈ જાય છે. અયોગ્ય માંગને શરમ સંકોચમાં "હા" પાડી દેશો તો બનવાજોગ છે કે તમને અનેક સમસ્યાનો સામનો કરવો પડે, સંબંધ જાળવવાને બદલે સંભવિત બગડી પણ શકે. "ના" પાડતી વખતે તમે જો તમારી સ્થિતિ સામેની વ્યક્તિને સારી રીતે સમજાવી દેશો તો "ના" ની અસર હળવી થઈ જશે, અને વ્યવહાર પણ જળવાઈ રહેશે. "ના" સાંભળવી કોઈને ગમતી નથી એટલે સામેની વ્યક્તિને તે કડવી કવીનાઈન લાગે તે સમજી શકાય તેવી વાત છે. જેમ તાવ ઉતારવા માટે કવીનાઈન આપવી જરૂરી છે. પણ કવીનાઈન કડવી ન લાગે તે માટે સુગર કોટેડ આપવામાં આવે છે, તેવીજ રીતે "ના" ને સુગર કોટેડ કરીને પણ કહેવી જરૂરી છે. કેટલાક લોકોને બરાબર રજુઆત કરતા નથી આવડતું અને તેથી ઘણીવાર તેમની "હા" પણ "ના" જેવી લાગે છે અને ગરબડ થઈ જાય છે. ઘણા લોકો "ના" પાડવાની કળામાં નિપુણ હોય છે. તેઓ સરળતાથી "ના" પાડી દઈ શકે છે, સામેની વ્યક્તિને ખોટું પણ નથી લાગતું તેમજ કોઈ સમસ્યા પણ ઉભી થતી નથી. "ના" પાડવાની કોઈ સ્ટાન્ડર્ડ કળા નથી કે ફોર્મુલા પણ નથી. સહુએ તે પોતાના અનુભવથી શીખવી જોઈએ તેમજ "ના" પાડવાની કળામાં પારંગત એવી વ્યક્તિઓનું નિરક્ષણ કરતાં શીખવું જોઈએ.

આવી થોડી ઘણી વ્યક્તિઓને ના પાડતાં મેં જોઈ છે - કોઈ એવા હોય છે જેની સામે માંગની રજુઆત થાય ત્યારે તેઓ મૌન રહે છે કોઈ પ્રતિસાદ નથી આપતા. અમુક વ્યક્તિઓ એવી હોય છે જે માંગ સ્વીકારવાની પોતાની અસમર્થતા બતાવવા લાંબા ખુલાસા આપવાને બદલે ટુંકમાં કહી દે છે, સોરી નહીં થઈ શકેતો કોઈ કોઈ પોતાની અસમર્થતા માટે વ્યવસ્થિત સમજાવવાની કોશિષ કરે છે. આવા તો તમે જાત જાતનાઅનુભવોની નોંધ લઈ શકશો. પણ એક વાત સ્પષ્ટ છે, જ્યાં તમારે ના કહેવી જરૂરી હોય તો શરમ કે સંકોચને કારણે ક્યારે પણ હા ન પાડશો નહીં તો તેનું પરિણામ તમારેજ ભોગવવું પડશે. એટલે....

***DON'T SAY YES WHEN YOU WANT TO SAY NO***

**રમેશ એમ. શાહ**

## હસ ગુલ્લા

❖ ચીમનલાલે દીકરાને ધમકી આપી, જો આ વખતે તું પરીક્ષામાં નાપાસ થયો, તો મને બાપા ના કહેતો. છોકરો રીઝલ્ટ લઈને ઘરે આવ્યો.

બાપાએ પૂછ્યું : શું થયું ?

છોકરો કહે, મારું દિમાગ ના ખાઓ, ચીમનલાલ !

❖ તમારામાં પતિ-પત્નીમાં શું સરખાપણું છે ?
જી, અમારા લગ્ન એક જ દિવસે થયાં હતાં.

❖ હવાલદાર એના દીકરાનું રીઝલ્ટ જોઈને બગડ્યો. સાલા, ગધેડા ચાર-ચાર વિષયમાં નાપાસ થયો ? આજથી તારું રમવાનું, રખડવાનું, ટી.વી. જોવાનું બંધ !
દીકરો કહે, ચાલો, ચાલો, આ ૫૦ રૂ. લો અને વાત પતાવી દો.

❖ કનુ : ડૉક્ટર સાહેબ, મારે એક મોટી સમસ્યા ઊભી થઈ છે.
ડૉક્ટર : શું થયું ?
કનુ : વાત કરતી વખતે વ્યક્તિનો અવાજ તો બરાબર સંભળાય છે પણ ચહેરો જોઈ શકાતો નથી.
ડૉક્ટર : આવું કેટલા વખતથી થાય છે ?
કનુ : ઘરમાં જ્યારથી ટેલિફોન આવ્યો છે ત્યારથી.

❖ જયેશ : તને ક્યો ધંધો સારો લાગે છે રાજુ !
રાજુ: મને તો ધોબીનો ધંધો સારો લાગે છે.
જયેશ : શી રીતે ? સમજાવ જોઈએ.
રાજુ : ગ્રાહકોના જાતજાતનાં કપડાં પહેરવા મલે અને વધારાના પૈસા પણ મળે.

❖ મહેશ : નરેશ, તને પત્ની વધુ ગમે કે પૈસા ?
નરેશ : એ, બંને કોનાં છે એ જોયા પછી ખબર પડે.

## તહેવારોમાં એસિડીટીથી બચો

તહેવારોની મોસમમાં ખાન-પાન પર નિયંત્રણ રાખવું મુશ્કેલ થઈ જાય છે. આ દિવસોમાં ઘરમાં જાતજાતની વાનગીઓ બને છે. તીખી, ચટપટી, મસાલેદાર વાનગીઓ, ભૂખ હોય તેના કરતાં પણ વધુ પ્રમાણમાં ખવાઈ જાય છે. આ કારણે એસિડિટી એટલે કે પેટમાં વાયુ ભરાવો થવાની સમસ્યા સર્જાય છે. ક્યારેક આ સમસ્યા એટલી ગંભીર થઈ જાય છે કે તેના લીધે તહેવારના રંગમાં ભંગ પડી જાય છે. એસિડિટી થતાં પેટમાં દુ:ખાવો, બળતરા, ખાટા ઓડકાર આવવા, ઉબકા આવવા, પેટ ભારે થવું, અપાચન, ઉલ્ટી થવી, બેચેની થવી, ભૂખ ઘટવી, પેટ સાફ ન થવું જેવા લક્ષણો જોવા મળે છે. ફાસ્ટફૂડ, તળેલાં ખાદ્યપદાર્થો, છોલે, રાજમા, તીખી વાનગીઓ, ભૂખ કરતાં વધુ ખાવાથી, વાસી ખોરાક લેવાથી, અનિયમિત જીવનશૈલી, કેટલીક બીમારીને કારણે લીવરમાં સોજો, અલ્સર, સ્થૂળતા, મૂત્રપિંડમાં પથરી, મધુપ્રમેહ, અસ્થમા, પેટમાં કૃમિ, શરાબ-ધૂમ્રપાનનું સેવન, દવાઓ, ચા–કોફી, ચોકલેટ, કોલા જેવા કેફીનયુક્ત પદાર્થોનું વધું પડતું સેવન એસિડિટી માટે કારણભૂત હોઈ શકે.

એસિડિટીથી બચવાના ઉપાય :

- ✓ જમવાના ૨૦ મિનિટ પૂર્વે સૂપ પીવાથી પાચન સારું થાય છે.
- ✓ જમતા પૂર્વે લીંબુ અને સફરજનના રસને મિક્સ કરીને પીવો.
- ✓ હર્બલ ચા પણ ઉપયોગી સાબિત થાય છે.
- ✓ એક ગ્લાસ પાણીમાં ચપટી બેકિંગ સોડા મિક્સ કરીને પીવાથી એસિડિટીમાંથી તરત જ રાહત મળશે.
- ✓ છાશમાં ચપટી હિંગ મિક્સ કરી પી જવી.
- ✓ જમ્યા બાદ લવિંગ ચૂસવું.
- ✓ રાતના એક ચમચી મેથીના દાણા પલાળી દેવા અને સવારના ખાલી પેટે પાણી સાથે તે દાણા ગળી જવા.
- ✓ ધૂમ્રપાન ન કરવું.
- ✓ જમીને તરત જ સૂઈ જવું નહીં.
- ✓ નારિયેર પાણીથી પણ એસિડિટીમાં રાહત મળે છે.
- ✓ શરાબ, તમાકું, ચટપટી મસાલેદાર વાનગી, શિમલા મરચાં, અથાણાં, પેસ્ટ્રી, કેક, રાજમા, અડદ વગેરે ખાવા નહી.
- ✓ દરરોજ ૮ થી ૧૦ ગ્લાસ પાણી પીવું.
- ✓ દૂધ વગરની લીંબુનો રસ નાંખેલી ચા પીવાથી પણ ફાયદો થશે.
- ✓ જમ્યાબાદ ગોળ ખાવાથી ગેસની સમસ્યા થતી નથી.
- ✓ નિયમિત કસરત કરવી.
- ✓ જમવામાં દહી, લસ્સી, છોતરાવાળી દાળ, ફળો, શાકભાજી વધારે પ્રમાણમાં લેવા.
- ✓ ઠંડું દૂધ પણ એસિડિટીમાં રાહત આપે છે.

એકલા બેસવાનો વારો તોન આવ્યો હોત...

સંકલન : **રમેશ એમ. શાહ**

## ચાર દિવસની ચાંદની.....

છઠ ના દિવસે
સાંજના .. સજીધજીને
ભાવિકોની ઈન્તેજારીમાં બેઠો હતો,
સવારથી બપોર સુધી
ભુખ્યા તરસ્યા કલાકારો
વગર થાકે મને સજાવતા હતા
પર્યુષણની આઠ દિવસની
ચહલ પહલ હવે શુરૂ થશે...
એ વિચારી વિચારીને
સમય પસાર થતો હતો.
છેલ્લે થાકયા-પાકયા
કામથી પાછા ફરેલા
હંસલાનો આગમન થયો
એક બીજાની નજરા નજર થઈ
કટાક્ષપૂર્ણ એનો સ્મીત કહેતો હતો.
પર્વ પર્યુષણના દિવસો
આઠજ દાડા શા માટે ?
ત્રણસો પાંસઠ દિવસ કેમ નહીં ?
હે શાન્તીનાથ !
તમને આવી અંધારી રાતમાં
એકલો બેસવાનો વારો તો ન આવ્યો હોત.

**હંસકુમાર સાયલા**

## દીકરી બાપના દિલની શાતા...

- ક્યારેય તમે તમારી જાતને દુનિયાભરના તમામ દુઃખોથી ઘેરાયેલી
- મહેસુસ કરો ત્યારે તમારી દીકરી સાથે સમય દિલથી વિતાવજો.
- તેની સાથે દિલ ખોલીને વાત કરી લેજો.
- ત્યાં તમારા મનને હિમાલયથી પણ વધારે ઠંડક અને અનંત શાંતિ અનુભવવા મળશે.
- દીકરી તો મા-બાપનો શ્વાસ છે, જે લીધા વગર ચાલતું પણ નથી અને સમય આવ્યે છોડ્યા વગર પણ ચાલતું નથી.
- ઈશ્વરે દીકરી ઘડીને માતા-પિતા ઉપર ઉપકાર કર્યો છે.
- દીકરીનો મા-બાપ પ્રત્યેનો પ્રેમ પ્રારંભથી લઈને અંત સુધી એક સરખો જ વહે છે.
- દીકરી જગતના કોઈ પણ ખૂણે જશે, માતા-પિતાના હૃદયથી ક્યારેય દૂર જતી નથી.
- દીકરી સાથેની મા-બાપની વહાલની કડીઓ ક્યારેય ઢીલી પડતી નથી. દીકરી જ સચ્ચાઈ છે.
- દીકરો ક્યારેક ભ્રમ સાબિત થઈ શકે છે. કદાચ એટલા માટે જ આપણાં તત્વચિંતકોએ દીકરીને બાપનું હૈયું કહી છે...
- કલેજાનો ટુકડો કહ્યો છે. અને, એટલા માટે જ દીકરી સાસરે જાય છે ત્યારે મા-બાપની આંખોમાં આંસુ વહે છે.
- નક્કી માનજો, દીકરી તો ગયા ભવમાં જેણે પુણ્ય કર્યા હોય તેને જ મળે છે.

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

**દિપક મહારાજ**
(કચ્છી સારસ્વત બ્રાહ્મણ)

શ્રી ગણેશાય નમઃ

**Ph : 92902 70722**
**90006 19755**

### જય આશાપુરા માતા જ્યોતિષ કાર્યાલય

(જા.ખ.)

**શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, ચંડી યજ્ઞ, નારાયણ બલિ (પિતૃદોષ), નાગદોષ, વાસ્તુ હવન, જૈન લગ્ન વિધી, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, તથા દરેક પ્રકારની કર્મકાન્ડ સંતોષકારક કરી આપવામાં આવશે, ગ્રહો ના જાપ, ગ્રહો ના નંગ, સિદ્ધ કરેલા યંત્રો પણ મળશે. જ્યોતિષ ને લાગતો દરેક પ્રકારનું કાર્ય જેમકે મેળાપક, જન્માક્ષર, કુંડલી બનાવા મળો**

**DEEPAK MAVJI DHAROD**
**Cell : 98490 53458**

## BHAVANA TOURS & TRAVELS

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**
**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

શ્રી કનકેશ્વરી કૃપા

ગણેશ પૂજા, દુર્ગા પૂજા, લક્ષ્મી પુજન, ચોપડા પુજન, શારદાપુજન, સત્યનારાયણા કથા, હવન, પીતૃકાર્ય, ઉત્તરક્રિયા, શાંતિ હવન, જન્માક્ષર પરથી, માર્ગદર્શન આપનાર સર્વ પૂજા કાર્ય કરનાર

સંપર્ક : પુજારી નરેશકુમાર ભટ્ટ (ખંભાતવાળા)

સેલ : ૯૨૯૧૪ ૫૩૧૨૪, ૮૮૯૭૬ ૬૪૦૨૫ (જા.ખ.)

*Secunderabad's Special*

**ANU FOOD PRODUCTS**

3-2- 332, S.S. Street, Down to Manju Theatre Opp. Pochamma Temple, Secunderabad - 3

**WHOLESELLERS, BAKERS & SALES MAN'S CAN**

**CONTACT : 4002 4900, 99080 21300**

(જા.ખ.)

**DEEPAK MAHARAJ**

**Ph : 92902 70722**
**90006 19755**

**SHIV SHAKTI TRAVELS**

**RENT A CAR INDICA, QUALIS, TAVERA, INOVA FOR DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 11-4-322/13, Prasad Enclave, Flat No. 302, Chilkalguda, Secunderabad.

(જા.ખ.)

**Abha Beauty Parlour**

We are specialised in Bridal Makeup, Hairstyle & Mehendi. We undertake Hair Spa treatment also.

✶ **BEAUTY ACADEMY** : Here a special news for you, now dont waste your time and earn better income by learning Beauty & Mehendi Courses & develop yourself.

✶ **BEAUTY PACKAGES** : Facial, Bleaching, Waxing, Eyebrows for just Rs. 500/-
Facial, Bleaching, Waxing, Eyebrow, Manicure & Pedicure for Rs. 800/-
We do foot facial and hand facial also.

Timings 11.00 am to 8.00 pm

Special offer for Bridal

Contact : **Mrs. Bhavini Patel**

203, 3rd Floor, Raghavendra Homes,
Opp. Raghavendra Temple, Kachiguda, Hyderabad-27
Ph : 040-6516 3974, 99081 83870

**HOME SERVICE FACILITY IS ALSO AVAILABLE**

(જા.ખ.)

Nitin Gala
99630 10657

## Sri Ridhi Sidhi Snacks & Khakras

Sunita Gala
94408 75034

Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mobile Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.

Bulk Order
Free Home
Delivery

Contact : **NITIN GALA**
# 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,
Tilak Road, Hyderabad - 1

(શુ.મ.)



FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(શુ.મ.)

# BOUTIQUE

*We have printed Bandani. We have new lace and also take order of lace in banaras, Jamma Silk, Raw Silk etc., and also stitch them. We give new look to old sarees mix and match concept, designer sarees from upcoming catlog book and also give attractive look to your ghagracholi. We also take machine embroidery order such as pooja rumal, heavy lace with blouse arms and back and etc. We take special diwali order like diya, ready made rangoli, toran's, etc. We also take order for homemade chocalate with attractive packing.*

For more information contact

**MADHURI HENIYA**, 3-4-855/A/1, Opp. Lane of Andhra Yuvathi Mandali,
Barkatpura, Hyderabad. Ph : 99516 45020

(શુ.મ.)

## જીવન માં રક્તદાન, મૃત્ય પછી નેત્રદાન



FOR ALL YOUR COMPUTER WORK

- CHIP LEVEL REPAIR : LAPTOP, DESKTOP, MOTHER BOARD, MONITOR, PRINTER, UPS, DATA RECOVERY & NET WORKING
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

Contact : **CARE TECHNOLOGIES,** Dharmendra Sahani - 90308 773362

(જા.ખ.)

## ફ્લેટ ભાડે આપવાનો છે,

શ્યામ એન્કલેવ, બડીચાવડીમાં ૨ બેડરૂમ હૉલ કીચન, ફર્નીચર સાથે ફ્લેટ ભાડે આપવાનો છે. સંપર્ક : વલ્લભજી સાવલા મો. ૯૩૯૦૯ ૯૨૮૧૧

(જા.ખ.)

## ફ્લેટ વેંચવો છે.

સાઉથ-વેસ્ટ ઓપન, ફુલ હવા ઉજાસ સાથે ચોવીસ કલાક પાણીની સગવડતા, ૩ બેડરૂમ તથા ટેરેસ સાથે ૨ જે માળે ડૂપ્લેક્સ ફ્લેટ વેંચવાનો છે.

ઠંકાણું : અરિહંત કૃપા, બડીચૌડી, હૈદરાબાદ

સંપર્ક : **નેમજી કક્કા - ૦૯૩૪૭૦ ૫૭૭૪૧,**

**સમીર કક્કા - ૦૯૩૯૩૦ ૯૭૭૪૨**

(જા.ખ.)



***દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :***

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

શ્રી ગણેશાય નમઃ

**રાજન મહારાજ**
(કચ્છી સારસ્વત બ્રાહ્મણ)
Ph : 9652124855

**ભરત મહારાજ**
(કચ્છી સારસ્વત બ્રાહ્મણ)
Ph : 9985771328

## મોરારજી જ્યોતિષ કાર્યાલય

શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, ચંડી યજ્ઞ, નારાયણ બલિ (પિતૃદોષ), નાગદોષ, વાસ્તુ હવન, જૈન લગ્ન વિધી, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, તથા દરેક પ્રકારની કર્મકાન્ડ સંતોષકારક કરી આપવામાં આવશે, ગ્રહો ના જાપ, ગ્રહો ના નંગ, સિદ્ધ કરેલા યંત્રો પણ મળશે. જ્યોતિષ ને લાગતો દરેક પ્રકારનું કાર્ય જેમકે મેળાપક, જન્માક્ષર, કુંડલી બનાવા મળો

(જા.ખ.)






# Balaji Selection

**Specialist in : Mirror Chaniya Choli,
Designer Dandia & Dresses
& Navratri Jewellery**

**Dealers in : Calcutta & Jaipur
Designer Sarees, Dress Material, Tops,
Salwar Suits, Sharara**

**Lane Beside Shanti Foot Wear,
Sultan Bazar, Kothi, Opp. Jain Mandir,
Hyderabad -95. Ph 6558 5362**

**Anil Ladda 98496 51505,
Pramila Ladda 86864 68086**

(જા.ખ.)



We want to invite you & your family and Friends to try the
100% Pure Vegetarian
Restaurant in Malakpet. We have a wide selection of dishes, all made with the Freshest ingredients... from our kitchen to your table
Sri Mamta's
FAMILY RESTAURANT
AND DHABA
we serve delicious dishes
100% Pure Veg
Fine Dining
Mini Banquet
Catering
Take Away
Thali
Above Mayur Pan House,
Beside Bank of Baroda, Sri Krupa Market, Malakpet,
Hyderabad, Ph : 040-66741110
9246364173 9000511110
[redacted]
Specialist in : Gujrati, Rajasthani & North Indian Dishes
Jain Food Also Available

*Jai Mahaveer*

*Ask for complete water-proofing package for your individual building, Apartment, Flat or Commercial, Corporate Establishment*

***WITHOUT BREAKING / DAMAGING YOUR EXISTING STRUCTURE WITH NANO-TECHNOLOGY***

**NAMAN Construction Solutions**

Please call on us :

**VARDHAMAN D. SHAH**

Prop. Naman Construction Solutions

**B/1, Suryanarayana Apts., Lingampally, Kachiguda,**
**Opp. Gujrati Pragati Samaj Function Hall,**
**Hyderabad - 500 027 (A.P.)**
**Ph : 98853 41835, 040-6457 4501**
**E-mail : naman.construction.solutions@gmail.com**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)

# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એૈડેડ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.

૧૦૧, એસ. વી ફોરચ્યુન, ઇડન બાગ, રામકોટ, હૈદ્રાબાદ – ૫૦૦૦૦૧
ફોન : ૬૪૫૫ ૬૫૬૩, ૨૪૭૫ ૨૧૮૫
Website : www.komacs.org, E-mail : info@komacs.org

## સભ્યો માટે વિના મૂલ્યે કાનૂની માર્ગદર્શન

સોસાયટી ના સભ્યોને કાનૂની માર્ગદર્શન આપવા માટે એડવોકેટ શ્યામ અગ્રવાલ દર મહિનાના ચોથા શુક્રવારે સોસાયટીની ઓફીસમાં સાંજના ૫ થી ૬ સુધી મળશે.

આ મહિને શુક્રવાર તા. ૨૮-૯-૨૦૧૨ ના રોજે તેઓ મળશે. ઇચ્છુક સભ્યોએ પોતાના નામ સાથે તેમનો પ્રશ્ન લેખિતમાં સોસાયટીની ઓફીસમાં શ્રી ખુશાલ ગાલા પાસે સોમવાર તા. ૨૪-૯-૨૦૧૨ સુધી નોંધાવવા વિનંતી. સભ્યોને વહેલો તે પહેલોના ધોરણે ૧૦ મિનીટનો સમય ફાળવવામાં આવશે.

જે સભ્યોને પોતાની વસિયત બનાવવી હોયતો તે માટે પણ માર્ગદર્શન મળશે.

## ખાસ સૂચના

જે સભ્યોના બાળકો પુખ્ત વયના થઈ ગયા હોયતો તેમના નામે સોસાયટીના શેયર લઈ સભ્ય બનાવવા વિનંતી. પુખ્ત વયના બાળકો અગર સોસાયટીના સભ્ય ન હોય તો તેમને અપાતી વ્યાજની રકમમાંથી ટીડીએસ કાપવામાં આવશે.

લી.

**શ્રી સંજય ગાલા**
ચેયરમેન

**શ્રી તારાચંદ ધરોડ**
ડેપ્યુટી ચેયરમેન

**શ્રી ખુશાલ ગાલા**
મેનેજીંગ ડાયરેક્ટર

**શ્રી અરવિંદ છેડા**
ડાયરેક્ટર - વહીવટ

**શ્રીમતિ વાસંતી શાહ**
ડાયરેક્ટર - વિત્ત

(જા.ખ.)

શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)


૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯


---

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

રવિવાર દિનાંક તા. ૨-૯-૨૦૧૨ ના રાબેતા મુજબ શ્રી કુલપાકજી તીર્થ યાત્રાનું આયોજન સફળતા પૂર્વક પરિપૂર્ણ થએલ આ યાત્રામાં તપસ્વી ભાઈ- બહેનોને જોડાવવા હાર્દીક આમંત્રણ હતો. શ્રી સંઘમાં જીવદયાની ઝુંબેશ પણ જોર પકડી રહેલ છે. યાત્રીકોનો આ કાર્ય માટે સુંદર સાથ સહકાર મલી રહ્યો છે. આ કાર્ય માટે શ્રીમતિ વિપુલાબેન ધોમડીયા સારી રીતે મહેનત કરી રહ્યા છે. જે ફાળો ભેગો કરી પિપલ્સ ફોર એનીમલ, સત્યમ શિવમ સુંદર ગૌશાલા તથા કબુતરોને ચણ ઈત્યાદિ પ્રવૃત્તીમાં વપરાય છે. આપણા જીવનનાં પ્રસંગોને યાદગાર બનાવવા જે પણ અનુદાન આપી પૂણ્યાર્જન કરવું હોય તો શ્રી સંઘના સંચાલકનો સંપર્ક કરવા વિનંતિ.

સેપ્ટેમ્બર ૨૦૧૨ ના યાત્રામાં શ્રી સંઘ દ્વારા આયોજીત ગરીબ ભોજનનું લાભ ભાઈશ્રી પારસ ભુપેન્દ્ર શામજી વીરાએ લીધેલ.

શ્રી સંઘના યાત્રિક ભાતાયોજના, ગરીબ ભોજન, આજીવન સભ્યપદ, સંકલ્પ અનુદાન-પત્ર ઈત્યાદી એક ન અનેક યોજનાઓનુ લાભ લઈ પુણ્યાર્જન કરવા ખાસ અપીલ છે.

શક્ય હશેતો ઓક્ટોબર ૨૦૧૨ થી યાત્રામાં સમાયિકનું આયોજન કરવાનુ પ્રયત્ન થશે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર

(શા.મ.)